
# 4 વેપારી શાસકો કેવી રીતે બન્યા ?

રિસેસમાં બાળકો પુસ્તકાલયમાં વાચન કરતાં હતાં. જય અને મિતાલી બે બિલાડી અને વાંદરાની બાળવાર્તા વાંચીને એકબીજાની મજાક કરતા હતા. બાજુમાં બેઠેલા તેમના વર્ગશિક્ષકે જણાવ્યું કે, ' બાળમિત્રો, આ પણ એક નીતિ છે, બેની લડાઈમાં ત્રીજો જ ફાવે. અંગ્રેજોએ તો આ નીતિથી ભારતમાં રાજ્યવિસ્તાર વધાર્યો હતો.' 'સર! એ, કેવી રીતે ?' જયે સવાલ કર્યો. વર્ગશિક્ષકે કહ્યું કે, 'સારું ચાલો વર્ગમાં, હું આજે તમને ભારતમાં આવીને, અંગ્રેજોએ કેવી રીતે ભારતીય રાજાઓ ઉપર પોતાની હકુમત સ્થાપી, તેની વાત કરું'.




**4.1 અંગ્રેજશાસન**

અઢારમી સદીના અંતમાં ભારતમાં રાજનૈતિક ક્ષિતિજ ઉપર અંગ્રેજો એક નવી રાજશક્તિ તરીકે ઉભરવા લાગ્યા હતા. શું તમે જાણો છો કે, અંગ્રેજો ભારતમાં માત્ર વ્યાપાર કરવા આવ્યા હતા. શરૂઆતમાં અંગ્રેજોને ભારતીય પ્રદેશોમાં વેપાર કરવાની સત્તા મેળવવાની હતી. તો પછી તેઓ આખા ભારતના શાસક કેવી રીતે બની ગયા ? આવી તો અનેક બાબતો અંગ્રેજશાસન સાથે જોડાયેલી છે. મૂળ તો તેમને તેમનો વ્યાપાર વધારવો હતો. આથી સરળતા માટે રાજકીય વગ વધારવા તેમણે અંગ્રેજ રાજનીતિ અપનાવી.

**વિચારો**

આજે ભારતમાં વિદેશી કંપનીઓ વેપાર કરવા આવે તો તેઓ સમય જતાં શું સત્તાધીશ થઈ શકે ?

## વેલેસ્લીની વિસ્તાર યોજના

વેલેસ્લી ગવર્નર જનરલ બનીને ભારત આવ્યો ત્યારે ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ વચ્ચે તીવ્ર હરીફાઈ ચાલતી હતી. ભારતમાં ફ્રેન્ચો તાકાતવર ન બને તે માટે ભારતનાં દેશી રાજ્યોમાં અંગ્રેજ સત્તાનો પગપેસારો કરવા વેલેસ્લીએ એક યોજના બનાવી. જેને 'સહાયકારી યોજના' કહેવામાં આવે છે. આ યોજના સ્વીકારનાર દેશી રાજ્યોને પોતાના રાજ્યમાં અંગ્રેજ લશ્કર રાખવું પડતું. સૈન્યનો ખર્ચ જે-તે દેશી રાજ્યે ઉપાડવો પડતો. આ સાથે દરેક દેશી રાજ્યમાં એક અંગ્રેજ પ્રતિનિધિ રહેતો. આમાં અંગ્રેજોનું સૈન્ય અને તેમના પ્રતિનિધિ સચવાતા. સામે પક્ષે દેશી રાજ્યોને અંગ્રેજ સૈન્ય મળતું પણ તેનો ઉપયોગ કરી શકતા નહિ. વેલેસ્લીની સહાયકારી યોજનામાં ભારતનાં અનેક રાજ્યો ભોગ બન્યાં. જેમાં નિઝામ, મૈસૂર, અયોધ્યા, ગાયકવાડ, મરાઠા વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે. દેશી રાજ્યો માટે સહાયકારી યોજના મીઠા ઝેર જેવી હતી. શરૂઆતમાં રાજવીઓને સલામતી અને મદદ દેખાતી હતી; પરંતુ ધીરે ધીરે વાસ્તવમાં તો તે ગુલામીનો અનુભવ કરાવતી હતી.

વેલેસ્લીની આ વિસ્તાર યોજના (સહાયકારી યોજના)નો પ્રથમ શિકાર હૈદરાબાદ રાજ્યનો નિઝામ બન્યો. પછી મૈસૂર અને અયોધ્યા બન્યાં. તાંજોર અને કર્ણાટકના પણ આવા જ હાલ થયા. મરાઠા સરદારોમાં અંદરો-અંદર ઝઘડા કરાવી, તેમને પણ 'સહાયકારી યોજના'નો ભોગ બનાવ્યા.


મરાઠાઓ સાથે લડાઈ કરીને, નિઝામને ભારે ખુવારી વેઠવી પડી હતી, આથી તેણે સૌથી પહેલાં આ યોજના સ્વીકારી. ટીપુ સુલતાનનું રાજ્ય તો પહેલાં જ અંગ્રેજોની હકૂમતમાં આવી ગયું હતું. નાના ફડનવીસના અવસાનથી મરાઠા સંઘો વચ્ચે ઝઘડા થયા. એક પછી એક મરાઠા રાજ્યો અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' (ડિવાઇડ ઍન્ડ રૂલ) નીતિના ભોગ બન્યાં. અયોધ્યા, ગોરખપુર, તાંજોર, કર્ણાટક, ફરૂખાબાદ વગેરે એક યા બીજા બહાને ખાલસા કર્યાં. આમ, સાત વર્ષના ગાળામાં વેલેસ્લીએ કંપનીનો વિસ્તાર કરી અંગ્રેજ સત્તાને આ યોજના દ્વારા સર્વોપરી બનાવી.



4.2 વેલેસ્લીની લડાઈનું દૃશ્ય



4.3 વેલેસ્લી




4.4 સહાયકારી યોજના સ્વીકારનાર રાજ્યો

## બ્રિટિશરો સમગ્ર ભારતમાં ફેલાયા

વેલેસ્લીની વિસ્તાર યોજનાનો ભોગ મૈસુર, નિઝામ અને મરાઠા સરદારો બન્યા પછી અંગ્રેજો ઉત્તર ભારતમાં આગળ વધ્યા. નેપાળમાં ભય જણાતાં તેમની સાથે મિત્રતા બાંધી. ત્યાર પછી અંગ્રેજોએ સરહદ ઉપર સંગ્રામ ખેલ્યા. શીખ મહારાજા રણજિતસિંહ સાથે મિત્રતા બાંધી અફઘાન વિગ્રહમાં જીત મેળવી. સિંધમાં પણ સત્તા સ્થાપી. શીખોની વધતી જતી તાકાત જોઈને અંગ્રેજોએ શીખ સામ્રાજ્ય હડપવાની કોશિશ કરી; પણ જ્યાં સુધી પંજાબમાં રણજિતસિંહનું

રાજ્ય હતું ત્યાં સુધી તેમાં સફળતા મળે તેમ ન હતી. આથી મહારાજા રણજિતસિંહ સાથે દોસ્તી રાખી. રણજિતસિંહ એ સમયમાં શક્તિશાળી શાસક હતા. તેમણે રાજ્યના રક્ષણ માટે યુરોપીય અફસરોની મદદથી મજબૂત સેના ઊભી કરી હતી. આસપાસના મોટા ભાગના પ્રદેશો ઉપર તેમણે વિજય મેળવ્યો હતો. તેમના અવસાન પછી પંજાબમાં અરાજકતા વ્યાપી. રણજિતસિંહ જીવ્યા ત્યાં સુધી પંજાબના વહીવટમાં અંગ્રેજો માથું મારવાની હિંમત કરી શક્યા ન હતા. હવે તેમને તક મળી. હાર્ડિંજ ગવર્નર જનરલ તરીકે ભારતમાં આવતાં તેણે શીખ સામ્રાજ્યને ભેદભાવની નીતિથી અંગ્રેજ શાસન નીચે લાવી દીધું.

**વિચારો**

- અંગ્રેજોએ સૌપ્રથમ બંગાળમાં સત્તા સ્થાપી, શા માટે ?
- શીખ સામ્રાજ્ય અને અફઘાનના પ્રદેશો ઉપર અંગ્રેજોને સત્તા કેમ સ્થાપવી પડી ?
- અંગ્રેજોનું સૈન્યબળ નાનું હતું તો પછી તેઓ સમગ્ર ભારતમાં સત્તા કેવી રીતે સ્થાપી શક્યા ?
- અંગ્રેજો તેમનું શાસન સમગ્ર ભારતમાં સ્થાપવામાં સફળ થયા તેનાં કારણો વિશે વિચારો અને ચર્ચા કરો.

## ડેલહાઉસી - 'ખાલસાનીતિ'



4.5 ડેલહાઉસી

વેલેસ્લીની વિસ્તાર યોજના હિંદી રાજ્યોને એમના જોખમે પરાધીન બનાવવાની યોજના હતી. એ સ્વીકારનારાં રાજ્યો અંગ્રેજોનાં મિત્ર ગણાતાં. આ રાજ્યોને બહાર કે અંદરનો ભય ન જણાતાં બિનજવાબદાર બન્યા. તેમનો વહીવટ કથળ્યો. રાજાઓના આવા વલણને કારણે રાજ્યવ્યવસ્થામાં ગેરવ્યવસ્થા ફેલાઈ. અંગ્રેજ નીતિનું આ પરિણામ હતું. આ એક ષડ્યંત્ર હતું. ભારતીય શાસકો તેમાં ફસાયા. અંગ્રેજોને બહાનું મળી ગયું. રાજ્યમાં ગેરવહીવટનો અંત લાવવાના બહાને રાજ્યના કારભારમાં માથું મારવા લાગ્યા. શરૂઆતમાં કંપની સરકારે કેટલાક પ્રદેશોને ગેરવહીવટના બહાને ખાલસા કર્યા હતા. પછી બ્રહ્મદેશ (હાલનું મ્યાનમાર) અને પંજાબ પ્રાંતને પણ ખાલસાના ભોગ બનાવ્યા. જો આશ્રિત રાજા અપુત્ર મરણ પામે તો એનું રાજ્ય ખાલસા કરાવવામાં આવતું. આવી રીતે સતારા, ઝાંસી, નાગપુર વગેરે રાજ્યો ખાલસાનીતિના ભોગ બન્યાં હતાં.



4.6 ભારતમાં પ્રથમ રેલવે

ભારતમાં વધુ ઉપજ આપતા પ્રદેશો જેવા કે ચા-કૉફીનો પ્રદેશ, કપાસનો પ્રદેશ હસ્તગત કરીને ગોરા વેપારીઓને કરોડો રૂપિયાની કમાણી કરી આપવાનો ડેલહાઉસીનો આશય હતો. બ્રિટિશ સામ્રાજ્યને દૃઢ બનાવવા અને શાસનની સવલત માટે ડેલહાઉસીએ ભારતમાં કેટલાક સુધારા કર્યા હતા. તેના સમયમાં ભારતમાં મુંબઈથી થાણા સુધીની સર્વપ્રથમ રેલવેલાઈન શરૂ થઈ હતી (ઈ.સ.1853). આધુનિક ટપાલપદ્ધતિ પણ તેના સમયમાં દાખલ થઈ. આ સમયે જ ઇંગ્લૅન્ડ અને ભારત વચ્ચે તાર વ્યવહાર શરૂ થયો ડેલહાઉસીએ બાળલગ્ન પ્રતિબંધકધારો તથા વિધવા પુનઃ વિવાહ ધારો પસાર કર્યા હતા. તેના સમયમાં ભારતમાં અંગ્રેજી શિક્ષણનો ફેલાવો થયો હતો. ઈ.સ. 1857માં ભારતમાં પ્રથમ ત્રણ યુનિવર્સિટીઓ મુંબઈ, ચેન્નાઇ અને કોલકાતા ખાતે શરૂ થઈ હતી. આમ, આ સુધારાઓ મૂળ તો અંગ્રેજ શાસનના વિસ્તાર અને વહીવટની સરળતા માટે હતા; જેનો ભારતીય પ્રજાને પાછળથી ફાયદો થયો; પરંતુ આ માટે પ્રજાએ ઘણું ભોગવવું પડ્યું.

**વિચારો**

ખાલસાનીતિ અને સહાયકારી યોજનાથી અંગ્રેજોએ લગભગ સમગ્ર ભારત ઉપર થોડા સમયમાં જ સત્તા જમાવી દીધી. આમ કેમ બન્યું હશે ?

1857માં બ્રિટિશરોનો વિજય એવી વિગતવાળું ઇંગ્લૅન્ડનું એક પુસ્તક તમારા હાથમાં આવે છે. તમે વાંચો છો, હવે તમે શું પ્રતિક્રિયા કે પ્રતિભાવ આપશો ?

## ભારેલો અગ્નિ (પ્રજાનો અસંતોષ)

સહાયકારી યોજના પછી ડેલહાઉસીના ખાલસાવાદે આખા દેશમાં ખળભળાટ મચાવી દીધો. પ્રજાનો અંગ્રેજશાસન સામેનો અસંતોષ બહાર આવવા લાગ્યો. તમે 'ક્રાંતિ' અને 'મંગલપાંડે' ફિલ્મ જોઈ હશે ! ના જોઈ હોય તો મેળવીને જોશો. આ સમયે લોકો ઉપર અંગ્રેજોની દમનનીતિનો કોરડો વીંઝાતો હતો. તેમાં ડેલહાઉસીએ કરેલા સુધારાઓને લીધે બળતામાં ઘી હોમાયું. રેલવે અને તાર-ટપાલની સુવિધા, ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા ઘણા લોકોને ખૂંચવા લાગી. જૂની વિચારધારાને માનતા લોકોને લાગ્યું કે, અંગ્રેજો આપણી સંસ્કૃતિનો નાશ કરવા માગે છે. અંગ્રેજોએ કરેલા સુધારા આમ તો તેમના વહીવટની સુગમતા માટે કર્યા હતા. ભારતીય પ્રજાને તેનાથી લાભ થયો હતો, પણ તે માટે તેને ઘણી કિંમત ચૂકવવી પડી હતી. લોકોમાં અસંતોષની આગ હવે અગનજ્વાળાઓ - ભડકાનું સ્વરૂપ ધારણ કરવા લાગી હતી. આ અસંતોષ એટલે 1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ.

### સ્વાધ્યાય

1. ભારતના રેખાંકિત નકશામાં ડેલહાઉસીએ ખાલસા કરેલ સતારા, નાગપુર, ઝાંસીને દર્શાવો.
2. સહાયકારી યોજના અને ખાલસાનીતિથી અંગ્રેજોને શું ફાયદો થયો ?
3. મહારાજા રણજિતસિંહના સમયમાં અંગ્રેજો પંજાબમાં સત્તા સ્થાપવામાં સફળ કેમ ના થયા ?
4. ડેલહાઉસીએ ભારતમાં કયા કયા સુધારા કર્યા ?
5. સહાયકારી યોજના અને ખાલસાનીતિની વિશેષતાઓ વિશે ચર્ચા કરો.

**આ એકમ શીખ્યા પછી અંગ્રેજો વિશેના તમારા વિચારો લખો :**

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

■